પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૧ | ૧ જુન, ૨૦૨૨, બુધવાર; જયેષ્ઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશની નાણાંકીય ખાધ જીડીપીના ૬.૭ ટકા

### નાણાંકીય ખાધ ૧૫.૮૭ લાખ કરોડ : નાણાંકીય ખાધ સરકારના બજેટ અનુમાનની આસપાસ : આંકડો સુધારેલા અંદાજ કરતા ૨૦ બેસિસ પોઈન્ટ ઓછો

નવી દિલ્હી, તા.૩૧

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતની નાણાંકીય ખાધ સરકારના બજેટ અનુમાનની આસપાસ જ જોવા મળી છે. ગત નાણાંકીય વર્ષમાં સરકારની રાજકોષીય આવક અને જાવક વચ્ચેનો તફાવત ૧૫.૮૭ લાખ કરોડ રૂપિયા રહી છે. કેન્દ્ર સરકારે આજે જાહેર કરેલ આંકડા અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૨૨માં દેશની નાણાંકીય ખાધ કુલ જીડીપીના ૬.૭% રહી છે. જોકે આ આંકડો સુધારેલા અંદાજ કરતા ૨૦ બેસિસ પોઈન્ટ ઓછો છે.

કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટના રિપોર્ટ અનુસાર સરકારે ગત વર્ષે ૧૫.૮૭ લાખ કરોડની ખાધ નોંધાવી છે જે સરકારના બજેટમાં સંશોધિત કરેલ ૧૫.૯૧ લાખ કરોડના અનુમાનની સામાન્ય ઓછી છે. સરકારે બજેટમાં મુકેલ ટાર્ગેટ કરતા વાસ્તવિક ખાધ ૪૫૫૨ કરોડ રૂપિયા ઓછી રહી છે.

૩૧મી મેના રોજ જાહેર થયેલ આંકડા માર્ચ, ૨૦૨૨ના છે. માર્ચ મહિનામાં સરકારે રૂ. ૨.૭૦ લાખ કરોડની રાજકોષીય ખાધ નોંધાવી છે. માર્ચ, ૨૦૨૧માં ભારત સરકારને ૪.૧૩ લાખ કરોડની ખાધ થઈ હતી

# અમે નવું ભારત બનાવવા માટે કામ કરીએ છીએ : પ્રધાનમંત્રી મોદી

### મોદીએ યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે હિમાચલ પ્રદેશના શિમલા ખાતે ગરીબ કલ્યાણ સંમેલનમાં ભાગ લીધો

શિમલા, તા.૩૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હિમાચલ પ્રદેશના શિમલા ખાતે ગરીબ કલ્યાણ સંમેલનમાં ભાગ લીધો. આ દરમિયાન તેમણે ગરીબ કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો. પીએમ મોદીએ કિસાન સન્માન નિધિનો ૧૧મો હપ્તો પણ રિલીઝ કર્યો. લાભાર્થીને કરેલા સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે હમણા દેશના કરોડો ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિના પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા. પૈસા તેમને મળી પણ ગયા. શિમલાની ધરતીથી દેશના ૧૦ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં પૈસા પહોંચાડવાનું સૌભાગ્ય મળ્યું છે.

સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે આજે તેમના જીવનનો એક વિશેષ દિવસ છે અને આ દિવસે તેમને દેવભૂમિને પ્રણામ કરવાની તક મળે તેનાથી મોટું સૌભાગ્ય શું હોઈ શકે. તેમણે કહ્યું કે કોરોનાકાળમાં જે બાળકોએ પોતાના માતા પિતા ગુમાવ્યા તેવા બાળકોની જવાબદારી સંભાળવાની મને તક મળી છે. આવા હજારો બાળકોની દેખભાળનો નિર્ણય અમારી સરકારે લીધો. ગઈ કાલે મે તેમને કેટલાક પૈસા પણ ચેકના માધ્યમથી મોકલાવ્યા. પીએમ મોદીએ કહ્યું કે ૧૩૦ કરોડ ભારતીયોના સેવક તરીકે કામ કરવાની તમે મને તક આપી, મને સૌભાગ્ય મળ્યું. આજે હું કઈ કરી શકું છું, દિવસ રાત દોડુ છું તો તે ન વિચારો કે આ મોદી કરે છે પણ એમ વિચાર ન કરો કે મોદી દોડે છે. આ બધુ તો દેશવાસીઓની કૃપાથી થાય છે. એક પરિવારના સભ્યના નાતે, પરિવારની આશા-આકાંક્ષાઓ સાથે જોડાવવું, ૧૩૦ કરોડ દશવાસીઓના પરિવાર એ બધુ જ મારા જીવનમાં છે. મારા જીવનમાં તમે બધા જ છો અને આ જિંદગી તમારા માટે જ છે.



પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ પહેલાની સરકારે ભ્રષ્ટાચારને સિસ્ટમનો જરૂરી ભાગ માની લીધો હતો. ત્યારની સરકાર ભ્રષ્ટાચાર સામે લડવાની જગ્યાએ તેની આગળ ઘૂંટણિયા ટેકી ચૂકી હતી. ત્યારે દેશ જોઈ રહ્યો હતો કે યોજનાઓના પૈસા જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચે તે પહેલા જ લૂંટાઈ જાય છે. પરંતુ આજે ધન ધન ખાતા દ્વારા મળતા ફાયદાઓ અંગે ચર્ચા થાય છે. જન ધન-આધાર અને મોબાઈલથી બનેલી ત્રિશક્તિની ચર્ચા થાય છે. પહેલા રસોડામાં ધૂમાડો સહન કરવાની મજબૂરી હતી પરંતુ આજે ઉજ્જવલા યોજનાથી સિલિન્ડર મેળવવાની સગવડ છે.

# દેશમાં ખાંડનું રેકોર્ડ ૩૫૫.૫૦ લાખ ટન ઉત્પાદનનો અંદાજ

### મહારાષ્ટ્રનું ખાંડનું ઉત્પાદન ૧૩૮ લાખ ટન સુધી પહોંચવાનો અંદાજ : ૧૦૪ લાખ ટન ખાંડના ઉત્પાદન સાથે યુપી બીજા સ્થાને

નવી દિલ્હી, તા.૩૧

દેશમાં સૌથી વધુ ખાંડ ઉત્પાદક રાજ્યોનું સ્થાન બદલાયું છે અને તે પણ મોટા તફાવત સાથે. વર્તમાન પિલાણ સિઝનમાં (ઓક્ટોબર, ૨૦૨૧ થી સપ્ટેમ્બર, ૨૦૨૨) મહારાષ્ટ્રનું ખાંડનું ઉત્પાદન ૧૩૮ લાખ ટન સુધી પહોંચવાનો અંદાજ છે. જ્યારે ૧૦૪ લાખ ટન ખાંડના ઉત્પાદન સાથે ઉત્તર પ્રદેશ બીજા સ્થાન પર પહોંચી ગયું છે. મહારાષ્ટ્ર ૨૦૧૫-૧૬ સુધી ઉત્તર પ્રદેશથી આગળ હતું. યુપી ૨૦૧૬-૧૭માં તેનાથી આગળ નીકળ્યું અને ૨૦૨૦-૨૧ની સીઝન સુધી દેશનું સૌથી મોટું ખાંડ ઉત્પાદક રાજ્ય બની રહ્યું હતું પરંતુ ૫ વર્ષ બાદ મહારાષ્ટ્રએ તેને પાછળ છોડ્યું છે. જોકે, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં ઉત્પાદન વધવાને કારણે દેશમાં આ વર્ષે રેકોર્ડ ૩૫૫.૫૦ લાખ ટન ખાંડના ઉત્પાદનનો અંદાજ છે. નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટિવ શુગર ફેક્ટરીઝ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર પ્રકાશ નાયકનવરે જણાવ્યું કે, મહારાષ્ટ્રમાં ખાંડના ઉત્પાદનમાં જંગી વધારાના ત્રણ કારણો છે.



સારો વરસાદ અને જળાશયોમાં વધુ પાણી, શેરડીના વિસ્તારમાં વધારો અને શેરડીની ઉત્પાદકતામાં મોટો વધારો છે. નાયકનવરે કહ્યું કે, ચાલું પિલાણ સીઝનમાં મહારાષ્ટ્રમાં શેરડી ઉત્પાદન ૯૦ ટન પ્રતિ હેક્ટરથી વધીને ૧૦૫ ટન પ્રતિ હેક્ટર થયું છે. રાજ્યમાં શેરડીની ૮૬૦૩ જાત સારી ઉત્પાદકતા આપી રહી છે.



અક્ષર પુરુષોત્તમ સંસ્થાના શ્રી બ્રહ્મવિહારી સ્વામીએ બહેરીનના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી પ્રિન્સ સલમાન બીન હમદ અલ ખલીફા સાથે મુલાકાત કરી હતી. બહેરીનમાં બની રહેલા સ્વામીનારાયણ મંદિર અંગે આ મુલાકાત દરમ્યાન ચર્ચા કરવામાં આવી હતી. ફેબ્રુઆરી મહિનામાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બહેરીનની મુલાકાતે આવ્યા ત્યારે સ્વામીનારાયણ મંદિરના નિર્માણ માટે જમીનની ભેટ આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્થળે હાલમાં બીએપીએસ દ્વારા ભવ્ય સ્વામીનારાયણ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. ભારત અને બહેરીન વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને સુદઢ બનાવવા સ્વામીનારાયણ સંપ્રદાય ખુબ જ સુંદર કામગીરી કરી રહ્યો છે.

# ધિક્કાર છે : માતાએ તેના છ સગીર બાળકોની કૂવામાં ફેંકીને હત્યા કરી

### મહારાષ્ટ્રના રાયગઢથી એક હચમચાવી મૂકતી ઘટના : મહિલાએ ઘરેલુ વિવાદને કારણે મહિલાએ આ ભયાનક પગલું ભર્યું, પોલીસે મહિલાની પુછપરછ હાથ ધરી

રાયગઢ, તા.૩૧

મહારાષ્ટ્રના રાયગઢથી એક હચમચાવી મૂકતી ઘટના સામે આવી છે જ્યાં માતાએ તેના ૬ સગીર બાળકોને કૂવામાં ફેંકીને મારી નાખ્યા છે.

જણાવવામાં આવી રહ્યું છે કે ઘરેલુ વિવાદને કારણે મહિલાએ આ ભયાનક પગલું ભર્યું હતું. મામલો મુંબઈથી ૧૦૦ કિલોમીટર દૂર મહાડ તાલુકાના ખારાવલી ગામનો છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, મૃતક બાળકોમાં પાંચ છોકરીઓનો સામેલ છે. મહિલાના સાસરિયાઓએ તેની સાથે મારપીટ કરી હતી જેના કારણે તેણે ગુસ્સે થઈને તેના જ બાળકોને કૂવામાં ફેંકી દીધા હતા. અને બાળકોના મોત થયા હતા. મૃતક બાળકોની ઉંમર ૧૮ મહિનાથી ૧૦ વર્ષની વચ્ચે હતી. બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. પોલીસ મહિલાની પૂછપરછ કરી રહી છે. આ મામલે તપાસ ચાલી રહી છે.

આ અગાઉ પણ આ જ પ્રકારની ઘટના મરાઠવાડા વિસ્તારમાં બની હતી. ત્યાં માતાએ પોતાના બે વર્ષના બાળકને કૂંવામાં ફેંકી દીધો હતો. ત્યારબાદ માતાએ પોતાના દિયરને ઘટના વિશે જણાવ્યું હતું. શરૂઆતમાં લોકોએ તેની વાતને નજરઅંદાજ કરી, પરંતુ સાંજે બાળક ન દેખાતા લોકોએ કૂવામાં શોધ કરી, જ્યાં પુત્રની લાશ પડી હતી.

લાતૂર જિલ્લાના નિલંગા પોલીસ સ્ટેશનથી મળેલી જાણકારી પ્રમાણે મહિલાનો પતિ સાથે ઝઘડો થયો હતો.

ત્યારબાદ પતિ પત્નીથી ૨૦ કિલોમીટર દૂર ભાડાના મકાનમાં રહેવા લાગ્યો હતો પરંતુ તે પુત્રને મળવા આવતો હતો.

એક દિવસ પતિ પોતાના પુત્રને મળવા આવ્યો તો પતિ-પત્ની વચ્ચે ફરી કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો તેથી ગુસ્સામાં મહિલાએ પુત્રને કૂંવામાં ફેંકી દીધો હતો.

# દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય રહેવાની હવામાન ખાતાની આગાહી

નવી દિલ્હી, તા.૩૧

ભારતમાં ચોમાસાની એન્ટ્રી થઈ ચૂકી છે. ભારતીય હવામાન વિભાગ (એમડી)ના જણાવ્યા પ્રમાણે દક્ષિણ-પશ્ચિમી ચોમાસુ ૨૯ મેથી જ ચાલું થઈ ચૂક્યું છે. જ્યારે તેના શરૂ થવાની સરેરાશ તારીખ ૧ જૂન માનવામાં આવે છે. મંગળવારે ચોમાસું કેરળ અને તમિનલાડુના કેટલાક ભાગોમાં આગળ વધતું નજર આવ્યું હતું પરંતુ તેની રફતાર ધીમી પડવાની શક્યતા છે. આઈએમડીએ બેંગલુરુમાં ૨ જૂનથી વરસાદ શરૂ થવાનું અનુમાન લગાવતા કર્ણાટકના ૧૦ જિલ્લા માટે યલો એલર્ટ જાહેર કરી દીધું છે. મહારાષ્ટ્રમાં આ વખતે ચોમાસું એક અઠવાડિયું વહેલા શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ દરમિયાન આઈએમડીએ મંગળવારે તેની બીજી આગાહીમાં જણાવ્યું હતું કે, દેશમાં આ વખતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય રહેશે.ઉત્તર કેરળ કર્ણાટક અને મધ્ય તમિલનાડુમાં ચોમાસાના વરસાદની વધુ રાહ જોવી પડશે કારણ કે, આગામી બે દિવસ સુધી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગળ વધવાની શક્યતા ઓછી છે. ચોમાસાએ હજુ રફતાર નથી પકડી અને આ વિસ્તારમાં સારો વરસાદ નથી પડયો.કેરળના ૧૪માંથી ૮ જિલ્લામાં હળવોથી મધ્યમ વરસાદ થયો છે.આઈએમડીના પ્રમુખ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે, ચોમાસાના મોટાભાગના દક્ષિણ દ્વીપકલ્પના વિસ્તારોમાં સામાન્ય તારીખથી પહેલા પહોંચવાનું અનુમાન છે.

આઈએમડીએ બીજી આગાહીમાં જણાવ્યું કે, દેશમાં દક્ષિણ-પશ્ચિમમાં ચોમાસુ આ વખતે સામાન્ય રહેશે.

